‘ચોરી છુપેથી દારૂનું વેચાણ, લોકો નકલી અને ખરાબ દારૂ પીએ છે’

નારગોલમાં દારૂબંધી હળવી કરો

ગિફ્ટ સિટીની જેમ છૂટ આપવાની માંગણી

સરપંચે રાજ્યના મુખ્યમંત્રીને ફરી રજૂઆત કરી

ઉમરગામઃ નારગોલમાં દર વર્ષે હજારોની સંખ્યામાં દેશ વિદેશમાંથી પ્રવાસીઓ અહીં આવતા હોય દારૂબંધી હળવી કરવાની માંગ ઊઠી રહી છે. ઉમરગામ તાલુકાના નારગોલ ગ્રામ પંચાયતના સરપંચ સ્વીટીબેન યતીનભાઈ ભંડારીએ સીએમને એક પત્ર લખી રજૂઆત કરી છે કે, પ્રવાસન સ્થળ તરીકે નારગોલ ને હજી વધુ વિકસાવવાની જરૂર છે અને તે માટે આ વિસ્તારમાં નશાબંધી પ્રાયોગિક ધોરણે હળવી કરવાની જરૂર છે. અમારો વિસ્તાર સંઘ પ્રદેશ દમણ, દાદરા નગર હવેલી સેલવાસ અને મહારાષ્ટ્ર રાજ્યને અડીને આવેલો વિસ્તાર છે. ચોરી છુપેથી દારૂનું વેચાણ સેવન થાય છે, લોકો નકલી અને ખરાબ દારૂ પીએ છે, જેનાથી લોકોના આરોગ્યને નુકસાન થાય છે. જીવને વધુ જોખમ રહે છે.

નશાબંધી અમલમાં આવી એ પહેલાં નારગોલ ગામમાં અનેક પરિવારો તાડીના વ્યવસાય સાથે સંકળાયેલા હતાં, તાળીએ કુદરતી પીંણુ છે, જોકે નશાબંધીનો કાયદો અમલમાં આવવાના કારણે ઘણા લોકોની રોજગારી છીનવાઈ ગઈ છે. નારગોલને વધુ સારી રીતે પ્રવાસન સ્થળ તરીકે વિકાસની તકો છે ત્યારે ગાંધીનગર ગિફ્ટ સિટી ની જેમ નારગોલમાં પણ છૂટ આપવામાં આવે એવી અમારી લાગણી અને માંગણી છે.

પરંપરાગત તાડી વ્યવસાય અને આજીવિકા પર અસર

નશાબંધી કાયદો અમલમાં આવ્યો તે પહેલાં સ્થાનિક ભંડારી અને પારસી સમાજના અનેક પરિવારો તાડીના પરંપરાગત વ્યવસાય સાથે જોડાયેલા હતા. ગામની વાડીઓ અને ખેતરોમાં આવેલા ખજૂરીના વૃક્ષોમાંથી તાડી મેળવીને મુંબઈ સહિતના મોટા શહેરોમાં તેનું વેચાણ કરવામાં આવતું હતું. નશાબંધી બાદ આ વ્યવસાય સંપૂર્ણપણે બંધ થઈ જતાં અનેક પરિવારોની આજીવિકા ગંભીર રીતે પ્રભાવિત થઈ છે. વર્ષો વીતી જવા છતાં આ પરિવારોને કોઈ વિશેષ આર્થિક રાહત પેકેજ કે વૈકલ્પિક રોજગારીની પૂરતી તક મળી નથી, જેના કારણે તેઓ આજદિન સુધી આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.

આ છે મહિલા સરપંચની દલીલ

(1) નારગોલ પ્રવાસન સ્થળ હોવાથી દારૂ અને તાડીનું વેચાણ કરવા અહીં નશાબંધી પ્રાયોગિક ધોરણે હળવી કરવામાં આવે
(2) ગીફ્ટસિટી અને અન્ય પ્રવાસન સ્થળોની જેમ આ દરિયા કિનારાનો વિકાસ કરવામાં આવે. વિચારણા કરવામાં આવે
(3) નશાબંધી હળવી થવાથી સ્થાનિક યુવાનોને હોટલ, રિસોર્ટ અને પ્રવાસન ઉદ્યોગમાં સીધી રોજગારી મળશે
(4) દેશ અને દુનિયાથી આવતા પ્રવાસીઓની સંખ્યામાં વધારો થશે અને સ્થાનિક અર્થતંત્ર મજબૂત બનશે

વાંઝણા ગામે દૂધ લેવા ગયેલો શખ્સ પગ લપસી જતા ખાડીમાં ડૂબી ગયો

ધેજ : વાંઝણા ગામે દૂધ લેવા ગયેલા શખ્સનો પગ લપસી જતા ખાડીમાં ડૂબી જતાં મોત નીપજ્યું હતું. ચીખલી તાલુકાના વાંઝણા ગામના મોટી વાંગરવાડી આમલી ફળીયા ખાતે રહેતા જીતેન્દ્રભાઇ નગીનભાઇ પટેલ (ઉ.વ-૪૪) શનિવારની સવારના સવા છેએક વાગ્યામાં સમયે દૂધ લેવા માટે જઈ રહ્યા હતા. દરમ્યાન વાંઝણા ગામે ફૂગરી ખાડી ઉપરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમ્યાન જીતેન્દ્રભાઇનો પગ લપસી જતા ખાડીના પાણીમાં ડૂબી જતાં ૧૦૮ મારફતે ટાંકલ સીએચસી ખાતે લઈ જતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા બનાવ અંગેની ફરિયાદ કમલેશ સોમભાઇ પટેલ (ઉ.વ-૪૭) (રહે.વાંઝણા મોટી વાંગરવાડી આમલી ફળીયા તા.ચીખલી જી.નવસારી) એ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઇ-આર. એન.વાડલે કરી રહ્યા છે.

સંક્ષિપ્ત સમાચાર

પારડી દમણીઝાંપા હાઈવે પર વાહનની ટક્કરે 2 ગૌવંશના મોત

પારડી : પારડીના દમણીઝાંપા નજીક નેશનલ હાઈવે નંબર 48 પર અજાણ્યા વાહનચાલકે ગાયોને ટક્કર મારતા બે જેટલાં ગૌવંશના મોત નીપજ્યા હતાં. માહિતી મળતાં જ પારડી પાલિકાના પંકજ ગરાણીયાની ટીમ અને 112 ની ઇમરજન્સી વાન અને પોલીસ કાફલો પણ સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસ અને પાલિકાની ટીમે હાઇવે પર વાહનવ્યવહારને અટકાવી જેસીબી અને ટ્રેક્ટરની મદદથી બંને મૃત ગૌવંશના મૃતદેહોને રસ્તા પરથી ખસેડી આગળની કામગીરી હાથ ધરવામાં આવી હતી. નેશનલ હાઈવે પર અવારનવાર બનતી આવી ઘટનાઓ અને અજાણ્યા વાહનચાલકની બેદરકારીના કારણે બે ગૌવંશના મોત થતાં વિસ્તારના ગૌપ્રેમીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ અને નારાજગી વ્યાપી ગઈ છે.

વાંસદાના કાવડેજ ગામે હાઈવે પર વાહન અકેટે બાઈકચાલકનું મોત

વાંસદા : વાંસદા તાલુકાના કાવડેજ ગામે બીરારી ફળિયા ત્રણ રસ્તા પાસે વાપી-શામળાજી નેશનલ હાઈવે પર અજાણ્યા વાહનની ટક્કરે ૩૦ વર્ષીય યુવાનનું કરુણ મોત નીપજ્યું હતું. કાવડેજ ગામે રહેતા ઠાકોરભાઈ વાસુભાઈ બીરારી પોતાની મોટરસાઈકલ લઈને ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન પૂરઝડપે આવી રહેલા અજાણ્યા વાહને તેમની બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં ગંભીર ઈજાઓ પામેલા ઠાકોરભાઈને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટના અંગે મૃતકના કાકા પરભુ બીરારીની ફરિયાદના આધારે વાંસદા પોલીસે ગુનો નોંધી કાયદેસરની વધુ તપાસ હાથ ધરી છે.

વાપીની બંધ કંપનીઓમાંથી કોપર વાયર-પ્લેટ ચોરી કરનાર ઝડપાયો

વાપી : વાપી જીઆઈડીસી અને ડુંગરા વિસ્તારની બંધ કંપનીઓમાં કોપર વાયર અને પ્લેટ ચોરીના બનાવો વધી રહ્યા હતા. ગુનાઓ અટકાવવા વલસાડ એસપી યુવરાજસિંહ જાડેજાની સૂચના મુજબ એલસીબી ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે છીરી સનરાઈઝ રેસિડેન્સી પાસેથી અશરફ મંજરઅલી મનીહાર (ઉ. ૨૩, રહે. વાપી, મૂળ યુપી) ને ઝડપી પાડ્યો હતો. આરોપીના કબજામાંથી પ્લાસ્ટિકની થેલીઓમાં ભરેલા રૂપિયા ૧,૮૦,૦૦૦ ની કિંમતના કોપરના વાયર અને પ્લેટો મળી આવ્યા હતા. પોલીસે કુલ રૂપિયા ૨,૮૫,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ અર્થે વાપી ડુંગરા પોલીસ સ્ટેશનને સોંપ્યો હતો.

નામધામાં 77મા વનમહોત્સવની ઉજવણી

વાપીઃ 77મા વન મહોત્સવની ઉજવણી વાપી નજીકના નામધા રોફેલ કોલેજ કેમ્પસમાં કરવામાં આવી હતી. એક પેડ મા કે નામ 3.0 અંતર્ગત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેષ દેસાઈ, વલસાડ દક્ષિણ વન વિભાગના નાયબ વન સંરક્ષક ડી.એન.રબારી, સામાજીક વનીકર વિભાગના આર.આર.ચૌધરી, કમિશનર એન.એફ.ચૌધરી સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. કોલેજ કેમ્પસમાં વૃક્ષના છોડવાઓનું રોપાણ કરી વૃક્ષ રથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

પારડી કોલેજમાં રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી

પારડી : પારડી કોલેજમાં ઇન્ચાર્જ આચાર્ય ડો. ફાલ્ગુની દેસાઈના માર્ગદર્શન હેઠળ હોકીના જાદુગર ગણાતા મેજર ધ્યાનચંદના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય ખેલ દિવસ ઉજવવામાં આવ્યો હતો. ઇન્ચાર્જ આચાર્ય ડો. ફાલ્ગુની દેસાઈએ વિદ્યાર્થીઓને જીવનમાં રમતોનું શું મહત્વ છે એની માહિતી આપી હતી. પ્રા.જિતેન્દ્ર ટંડેલે ૨૯ ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય ખેલ દિવસ શા માટે ઉજવવામાં આવે છે તેની માહિતી આપી હતી. મહાન ખેલાડી મેજર ધ્યાનચંદની સિધ્ધિના કારણે ભારતમાં ૨૯ ઓગસ્ટના દિવસે રાષ્ટ્રીય ખેલ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.જીતુભાઈ ભોઈએ મેજર ધ્યાનચંદના યાદગાર વીડિયો બતાવ્યા હતાં. કોલેજમાં બેડમિન્ટન, ચેસ અને કેરમ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

બાલચોંડીમાં પરંપરાગત ભજન સ્પર્ધા યોજાઈ

વલસાડ : નાનાપોંઢા તાલુકાના બાલચોંડી સ્થિત શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદિરના આંગણે શ્રી માં રેવા ચેરીટેબલ ટ્રસ્ટ, ચીવલ નાનાપોંઢાના સંયુક્ત સહયોગથી ભજન પરંપરાને જીવંત રાખવા ભજન સ્પર્ધાનોપ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમાં આસપાસના 9 ગામોની ભજન મંડળીઓએ ભાગ લઈ ભજનોની સૂરાવલીથી સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. સ્પર્ધામાં ભાગ લેનાર ભજન મંડળીઓએ ગ્રામ્ય સંસ્કૃતિ અને પરંપરાને અનુરૂપ વિવિધ ભજનો રજૂ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતાં. આધુનિક સંગીતના વધતા પ્રભાવ વચ્ચે ભુલાતી જતી પરંપરાગત ભજન સંસ્કૃતિને જીવંત રાખવા તથા નવી પેઢીને આ સાંસ્કૃતિક વારસાથી જોડવાના હેતુથી યોજાયેલી આ સ્પર્ધા એક સુંદર પહેલ બની રહી હતી. સ્પર્ધામાં સૌરભ કલાવૃંદ, વાઘછીપાની ભજન મંડળીએ પ્રથમ ક્રમ મેળવ્યો હતો.

નાનાપોંઢા-નાસિક માર્ગ પર ભીની માટીમાં ટ્રક ફસાઈ ગઈ

વલસાડ : નાનાપોંઢાથી નાસિક જતા મુખ્ય માર્ગ પર આવેલા કુંભઘાટ નજીક ઘાટ ચડતી વખતે એક ટ્રક અચાનક ભીની માટીમાં ફસાઈ ગઈ હતી. રસ્તા પર ટ્રક ખૂંચી જવાને કારણે વાહનવ્યવહારને ભારે અસર થઈ હતી. આ અકસ્માત બાદ ટ્રકને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે ક્રેનની મદદ લેવામાં આવી હતી. રાહત અને બચાવ કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે માટે તંત્ર દ્વારા માર્ગની એક બાજુનો રસ્તો વાહનો માટે સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યો હતો. ક્રેન દ્વારા ટ્રકને માટીમાંથી બહાર કાઢવાની કામગીરી કલાકો સુધી ચાલી હતી.

સુવિધાથી વંચિત લોકોનો ભાજપ કાર્યાલયે મોરચો

ભાગલ ગામે પ્રોટેક્શન વોલ અને પૂરગ્રસ્ત મીઠાના ઉદ્યોગના પ્રશ્ને ધારાસભ્ય સામે રોષ વ્યક્ત કર્યો

વલસાડ : વલસાડ જિલ્લાના કાંઠા વિસ્તારના વિવિધ ગામોના લોકો પાયાની સુવિધાઓ સહિતના પ્રશ્નોને લઈને જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે મોરચો લઈને પહોંચ્યા હતા. ભાજપ બક્ષીપંચ મોરચાના મંત્રી આનંદ પટેલની આગેવાનીમાં આવેલા ગ્રામજનોએ જિલ્લા ભાજપ પ્રમુખ સમક્ષ પોતાના વિવિધ પ્રશ્નો રજૂ કરી વહેલી તકે ઉકેલ લાવવા માંગ કરી હતી.

ગ્રામજનોએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, કાંઠા વિસ્તારના કેટલાક ગામોમાં હજુ પણ યોગ્ય શાળાની સુવિધા ઉપલબ્ધ નથી. અનેક સ્થળોએ રસ્તાઓની સમસ્યા છે અને અન્ય પાયાની સુવિધાઓનો પણ અભાવ છે. ખાસ કરીને ભાગલ ગામે પ્રોટેક્શન વોલ બનાવવા સહિતની વિવિધ સમસ્યાઓ અંગે સ્થાનિક ધારાસભ્ય ભરત પટેલને અનેક વખત રજૂઆત કરવામાં આવી હોવા છતાં પ્રશ્નોનું નિરાકરણ આવ્યું નથી.

ધારાસભ્ય ભરત પટેલ હાજર ન હોવાથી ગ્રામજનોએ તેમની સામે પણ આક્રોશ વ્યક્ત કર્યો હતો. વારંવાર રજૂઆત કરવા છતાં પ્રશ્નોનું નિરાકરણ નહીં આવતાં લોકોમાં નારાજગી વધી હોવાનું તેમણે જણાવ્યું હતું.

દરમિયાન, ચાલુ વર્ષે ભારે વરસાદના કારણે કાંઠા વિસ્તારમાં આવેલા પૂરથી મીઠાના ઉદ્યોગને પણ ભારે અસર થઈ છે. મીઠાના અગરો સહિત અન્ય ખેતી અને સ્થાનિક રોજગારને નુકસાન થયું હોવા છતાં તેમની સમસ્યાઓ જાણવા કે સ્થિતિનું નિરીક્ષણ કરવા કોઈ આવ્યું ન હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો.

ભાજપના ગઢમાં જ વિકાસકામોનો અભાવ હોવાનો ગ્રામજનોનો આક્ષેપ

કાંઠા વિસ્તારને વર્ષોથી ભાજપના મજબૂત ગઢ તરીકે જોવામાં આવે છે. તેમ છતાં ભાજપના પ્રભાવવાળા આ વિસ્તારમાં જ રસ્તા, શાળા, પ્રોટેક્શન વોલ સહિતની પાયાની સુવિધાઓના પ્રશ્નોનું નિરાકરણ ન આવતાં ગ્રામજનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. વારંવાર રજૂઆત કરવા છતાં સમસ્યાઓ યથાવત રહેતાં અંતે કાંઠા વિસ્તારના ગ્રામજનો પોતાની વ્યથા અને પ્રશ્નોની રજૂઆત કરવા જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પહોંચ્યા હતા.

બોપી ગામે બાઇક આંબાના ઝાડ સાથે અથડાતા યુવકનું મોત

ધરમપુર : ધરમપુર તાલુકાના બોપી ગામના વડપાડા ફળિયામાં ધરમપુર-જાગીરી માર્ગ પર પૂરપાટ ઝડપે જતી બાઇક વળાંકમાં આંબાના ઝાડ સાથે અથડાતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ૨૦ વર્ષીય યુવકનું કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે પાછળ બેઠેલા અન્ય યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જાગીરી ગામના બોર ફળિયામાં રહેતા અને સેન્ટિંગનું છૂટક કામ કરતા ૨૦ વર્ષીય રવિભાઈ મોતીરામભાઈ થાળકર ગત ૨૭ ઓગસ્ટના રોજ સવારે પાડોશી ધર્મેશભાઈ પાંગુભાઈ જાદવ સાથે મજૂરી અર્થે બાઇક પર વલસાડ જવા નીકળ્યા હતા. રાત્રે પરત ફરતી વખતે વળાંક પર રવિએ બાઇક પરનો કાબૂ ગુમાવતા તે આંબાના ઝાડ સાથે અથડાઈ હતી. અકસ્માતની જાણ થતાં સ્થાનિક ગ્રામજનોએ ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી બંને ઈજાગ્રસ્તોને ધરમપુર સ્ટેટ હોસ્પિટલ પહોંચાડ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે રવિને મૃત જાહેર કર્યો હતો, જ્યારે ગંભીર રીતે ઘવાયેલા ધર્મેશને વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલમાં રીફર કરાયો હતો. મૃતક યુવકના પિતાની ફરિયાદના આધારે ધરમપુર પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ફોટા વાયરલ કરવાની ધમકી આપનારના જામીન નામંજૂર થયા

સગીરા સાથે બ્લેકમેલિંગ અને ખંડણી વસૂલવાના કેસમાં આરોપીની જામીન અરજી નામંજૂર થયા

વલસાડ : વલસાડ જિલ્લામાં સોશિયલ મીડિયાના દુરુપયોગનો એક અત્યંત ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વાપીની પોક્સો એક્ટ હેઠળની સ્પેશિયલ કોર્ટના જજ ડૉ. એચ.એન. વકીલે સગીરાના ફોટા મોર્ફ કરીને તેને વાયરલ કરવાની ધમકી આપનાર અને તેના પિતા પાસેથી લાખો રૂપિયા પડાવી લેનાર આરોપીની રેગ્યુલર જામીન અરજી ફગાવી દીધી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, આરોપી હર્ષદભાઈ છગનભાઈ બાવીસીયાએ ઇન્સ્ટાગ્રામ મારફતે સગીરા સાથે મિત્રતા કેળવી હતી. ત્યારબાદ, સગીરાના ચહેરાના ફોટા અન્ય નગ્ન યુવતીઓના શરીર સાથે જોડીને બીભત્સ તથા અશ્લીલ ફોટા તૈયાર કર્યા હતા.

આ નકલી અને અશ્લીલ ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરી નાખવાની ધમકી આપીને આરોપીએ યુવતીના પિતા પાસેથી બળજબરીપૂર્વક કુલ રૂપિયા 2.80 લાખની મોટી રકમ પડાવી લીધી હોવાનો ગંભીર આક્ષેપ મૂકવામાં આવ્યો છે.

આ મામલે પારડી પોલીસે તાત્કાલિક ગુનો નોંધીને આરોપી હર્ષદભાઈ બાવીસીયાની ધરપકડ કરી હતી. કાયદેસરની તપાસ પૂર્ણ થયા બાદ પોલીસે કોર્ટમાં ચાર્જશીટ પણ રજૂ કરી દીધી હતી.

ત્યારબાદ, જેલમાંથી મુક્ત થવા માટે આરોપીએ વાપીની સ્પેશિયલ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. જામીન અરજીની સુનાવણી દરમિયાન ડીજીપી અનિલ ત્રિપાઠીએ આરોપીને જામીન ન આપવા માટે વિગતવાર અને મજબૂત દલીલો રજૂ કરી હતી. બંને પક્ષોના વકીલોની દલીલો અને કેસની ગંભીર હકીકતોને બારીકાઈથી ધ્યાનમાં લીધા બાદ, સ્પેશિયલ જજ ડૉ. એચ.એન. વકીલે ડીજીપીની દલીલો માન્ય રાખી હતી અને આરોપીની જામીન અરજી સત્તાવાર રીતે નામંજૂર કરી હતી.

સંક્ષિપ્ત સમાચાર

ખેરગામ પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી

ખેરગામ : પોલીસ કર્મીઓ પ્રત્યે આદર વ્યક્ત કરવા ખેરગામ ભાજપ મહિલા મોરચા દ્વારા ખેરગામ પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધનની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મહિલા મોરચાના પ્રમુખ જાગૃતિ ગજ્જર, કારોબારી અધ્યક્ષ જીજ્ઞા પટેલ, તાલુકા પંચાયતના દંડક રશ્મિ ટેલર, તાલુકા પંચાયત સભ્ય હિના પટેલ દ્વારા ખેરગામ પી.આઈ પિનલ ચૌધરીની ઉપસ્થિતમાં પીએસઆઇ હેમંત પટેલ સહિત અન્ય પોલીસ કર્મચારીઓને રાખડી બાંધી રક્ષાબંધનની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. રક્ષાબંધનના પર્વ તેમના હાથ પર રાખડી બાંધી સ્નેહ અને સન્માન વ્યક્ત કરવાનું આ પ્રયાસ રહ્યો હતો.

દાંતી દરિયામાં ડૂબી જતા યુવાનનું મોત

નવસારી : દાંતી ગામના દરિયા કિનારે મિત્રો સાથે નહાવા ગયેલા સુરતના 33 વર્ષીય યુવાનનું ડૂબી જવાથી મોત થયું હતું. સુરતના કતારગામ નવી જીઆઈડીસીમાં રહેતા અજીતકુમાર હરીશ્યામ સરોજ મિત્રો સાથે દાંતી બીચ પર ગયા હતા. નહાતી વખતે અચાનક મોટું મોજું આવતાં તેઓ ઊંડા પાણીમાં ખેંચાઈ ગયા હતા. સાંજે આશરે ૫ વાગ્યે તેમનો મૃતદેહ દરિયા કિનારેથી મળી આવ્યો હતો. બનાવ અંગે ભાઈ સુજીતકુમાર સરોજની જાણ પરથી મરોલી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. એ.એસ. આઈ. ધર્મેન્દ્રસિંહ ગણપતસિંહ વધુ તપાસ કરી રહ્યા છે.

પળગામમાં પાણી ભરેલા ખાડામાં ડૂબી જતાં યુવકનું મોત

ઉમરગામ : ઉમરગામના પળગામમાં પાણી ભરેલા ખાડામાં ડૂબી જતાં એક યુવકનું કરૂણ મોત નિપજ્યું હતુ. પ્રાપ્ત પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ મૂળ પશ્ચિમ બંગાળનો અને હાલમા પળગામ ખાતે હરેતો કિશન જીતા ઉરન (ઉ.વ. 20) તા. ૨૮ ઓગસ્ટના રોજ શુક્રવારે સાંજે ચારેક વાગ્યાના અરસામાં પાણી ભરેલા ખાડામાં નહાવા પડ્યો હતો. દરમિયાન ઊંડા પાણીમાં ડૂબી જતાં તેનું મોત થયું હતું. બનાવ અંગે ઉમરગામ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતદેહને બહાર કાઢી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

લીલપોર ભદેલી નહેરનું ગાબડું 1 મહિના બાદ પણ જેમનું તેમ

વલસાડનુ નહેરતંત્ર નિંદ્રાધીનઃ ગરનાળામાં પાણી ભરાતા વાહનચાલકોને 10 કિમીનો ચકરાવો



વલસાડઃ વલસાડ જિલ્લાના નહેર વિભાગ હેઠળ આવતા લીલાપોર ભદેલી નહેરમાં ગત 23 જુલાઈએ પડેલું ગાબડું 1 મહિના પછી પણ યથાવત રહેતા 3 રેલવે ગરનાળામાં પાણી ભરાતા વાહનચાલકોએ 10 કિ.મી.નો ચકરાવો કાપવો પડી રહ્યો છે. ગુંદલાવ ચોકડીથી વેજલપોર પંચાયત, તળાવ થઈ એક કિ.મી. નહેર બાજુમાંના અત્યંત સાંકડા જર્જરીત જોખમી રસ્તે આરોગ્ય મંદિર થઈ લીલાપોર-99 નંબરના ફાટકનો ઓવરબ્રિજ પસાર કરી વલસાડ આવજાવ કરે છે. જેમાં અવરોધ ઊભો થયો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ વલસાડમાં પૂર્વમાંથી પ્રવેશવા માટેના 329 મોગરાવાડી, 330 છિપવાડ, 331 વલસાડ પારડી અને 333 નંબરના લીલાપોર ગરનાળા-અંડર પાસમાંથી અવરજવર થાય છે. પરંતુ તે તમામમાં પાણી ફરી વળે ત્યારે હજારો લોકોએ 8થી 10 કિલોમીટરનો જોખમી હાઈવે ચકરાવો ખાવો પડે છે. આવા સમયે દ્વિચક્રીય અને રિક્ષાચાલકોએ સ્વયં વૈકલ્પિક માર્ગ શોધી લે છે. જેમાં લીલાપોર વેજલપોર રેલવે 333 અંડરપાસમાં પણ પાણી ભરાઈ જતાં નાના વાહનો પસાર નહીં થઈ શકતા તેઓ ગુંદલાવ ચોકડીથી વેજલપોર પંચાયત, તળાવ થઈ એક કિ.મી. નહેર બાજુમાંના અત્યંત સાંકડા જર્જરીત જોખમી રસ્તે આરોગ્ય મંદિર થઈ લીલાપોર-99 ફાટકનો ઓવરબ્રિજ પસાર કરી વલસાડ આવજાવ કરે છે.

જોકે આ નહેરમાં ઉત્તર બાજુ મોટું ગાબડું ગત 23-24 જુલાઈએ રેલ દરમિયાન પડેલું છે. આ એકાદ કિલોમીટર નહેર સમાંતર સાંકડા રસ્તામાં બે રિક્ષા કે રિક્ષા-બાઇક ચાલકો ભેગા થાય તો અત્યંત સાવચેતી રાખી રસ્તો -વાહન પસાર કરવા પડે છે.

જેમાં મોટી રાહત દક્ષિણ બાજુની ઝાડીઝાંખરા, જંગલ સંપૂર્ણ નાબૂદ કરતા રસ્તો હવે ચોખ્ખો દેખાય છે અને તળાવ પાસે થોડું સમારકામ પણ થયેલું દેખાય છે. જ્યાં સરકારી તંત્રોની આ બાબતે હજી નજર પડી નથી.

તંત્ર જરૂરી દરખાસ્ત નિરીક્ષણ કરે તેવી 40થી વધુ ગામની જનતાની માંગ

ગુંદલાલ ચોકડીથી વેજલપોર પંચાયત, તળાવ થઈ સીધો ઓવરબ્રિજના પૂર્વ છેડાને જોડતો એકાદ કિ.મી. નહેરથી લીલાપોર રેલ ઓવરબ્રિજના ઉતરતા છેડા જોડતો ટૂંકો સીધો રસ્તો તાકીદે બનાવવા રાજકીય હોદ્દેદારો અને સરકારી તંત્ર જરૂરી દરખાસ્ત નિરીક્ષણ કરે તેવી 40થી વધુ ગામની જનતાની માંગ છે.

વાપી એસટી ડેપોને રક્ષાબંધન ફળી, રૂપિયા 15 લાખનો ટાર્ગેટ સર કર્યો

વાપી : વલસાડ વિભાગના 6 ડેપોમાં વિભાગીય નિયામક દ્વારા દરેક ડેપોએ રક્ષાબંધન તહેવાર નિમિત્તે એક્સ્ટ્રા બસનું સંચાલન કરીને 15 લાખ રૂપિયાનો ટાર્ગેટ દરેક ડેપોને આપવામાં આવ્યો હતો. જેમાં ફક્ત વાપી ડેપો દ્વારા જ 15 લાખનો ટાર્ગેટ સર કર્યો હતો. વાપી ડેપો દ્વારા દરરોજ 10 બસ સુરત, 3 દાહોદ, 2 અમદાવાદ, 1 આહવા તેમજ 64 જેટલી ટ્રિપ વાપી દમણની એક્સ્ટ્રા કરવામાં આવેલી છે. વલસાડ વિભાગમાં વાપી ડેપો આવકમાં પ્રથમ ક્રમ મેળવે છે જ્યારે સમગ્ર ગુજરાતમાં વાપી ડેપો આવકમાં ચોથા નંબર પર આવતો હોય વલસાડ વિભાગના વાપી ડેપોના કર્મચારીઓએ મહેનત કરીને આ ટાર્ગેટ પૂર્ણ કર્યો હતો. વિભાગિય નિયામક માતૃજા દ્વારા વાપી ડેપોના કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.અધિકારી સ્નેહલ પટેલ દ્વારા ડેપોનું સુપરવિઝન કરી આ વિભાગની એક દિવસની 70 લાખની આવક મેળવી છે. વાપી ડેપોના મેનેજર જયદીપ માંહલા, અરુણ પટેલ તેમજ આસિસ્ટન્ટ ટ્રાફિક ઇન્સ્પેક્ટર ધનસુખ પટેલ દ્વારા ટીમવર્કથી કામ કરતા હતા. વધુ આવક લાવનાર ડ્રાઈવર, કન્ડક્ટરનું મેનેજર અને સુપરવાઈઝર દ્વારા સન્માન પત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.